# ૯ પાર્શ્વનાથ દર્શન

**જૈન તીર્થોમાના પ્રસિદ્ધ ૧૦૮ પાર્શ્વનાથ ભગવાન છે તેમાંના ૯ પાર્શ્વનાથ ભગવાન પાટણમાં બિરાજમાન છે**



શ્રી પંચાસરા પાર્શ્વનાથ - પીપળા શેરી



શ્રી શામળા પાર્શ્વનાથ-જોગીવાડો



શ્રી કોકા પાર્શ્વનાથ - કોકાનોપાડો



શ્રી કંકણ પાર્શ્વનાથ - ઢંઢેરવાડો



શ્રી વાડી પાર્શ્વનાથ - ઝવેરીવાડો
શ્રી નારંગા પાર્શ્વનાથ - ઝવેરીવાડો



શ્રી ટાંકલા પાર્શ્વનાથ - ડંકમહેતાનોપાડો



શ્રી મહાદેવા પાર્શ્વનાથ - ખેતરવશી



શ્રી ચંપા પાર્શ્વનાથ - સાલવીવાડો

**...વંદનાર્થી...**
**શ્રી જોગીવાડા શામળા પાર્શ્વનાથ ટ્રસ્ટ**
**જોગીવાડો**

# પાટણની પંચ તિર્થી

ગુજરાત જૈન ધર્મનું પ્રધાન યાત્રા ધામ છે. પાટણની આજુબાજુના મુખ્ય પ્રાચીન તીર્થોમાં ચારૂપ, મેત્રાણા, તારંગા, ભીલડીયાજી, ગાંભુ, કંબોઈ, મહુડી, શંખેશ્વર મુખ્ય છે.

**ચારૂપ :** પાટણથી ૧૨ કી.મી. દૂર આવેલું આ તીર્થ ૧૦૦૦ વર્ષ પ્રાચીન હોવાનું મનાય છે. અષાઢી શ્રાવકે ભરાવેલ અતી પ્રાચીન શામળા પાર્શ્વનાથની અલૌકિક પ્રતિમા બિરાજમાન છે.

**મેત્રાણા :** પાટણ થી ૨૫ કી.મી. દૂર આવેલું આ તીર્થ શિલાલેખો ઉપરથી ૭૦૦ વર્ષ પ્રાચીન હોવાનું મનાય છે. આ તીર્થમાં ધર્મશાળા તેમજ ભોજનશાળાની સગવડો ઉપલબ્ધ છે.

**ભીલડીયાજી :** પાટણથી ૬૦ કી.મી.ના અંતરે આવેલ આ તીર્થ અતિપ્રાચીન છે. સંપ્રતિ મહારાજાના સમયની શ્યામવર્ણીય શ્રી ભીલડીયા પાર્શ્વનાથની પ્રતિમાં સપ્તફણાલંકૃત છે.

**તારંગાજી :** ૮૫૦ વર્ષ પૂર્વ મહારાજા કુમારપાળના સમયમાં બંધાયેલું આ તીર્થ પાટણથી ૧૦૦ કિ.મી.ના અંતરે આવેલું છે. મંદિરની કોતરણી, શિલ્પકળા, આબુના દેલવાડાના દેરાની યાદ અપાવે છે.

**શંખેશ્વર :** પાટણથી લગભગ ૮૦ કી.મી.ની દૂરી પર શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનનું આ બાવન જિનાલય આવેલું છે. વર્તમાનમાં આ તીર્થની ખુબજ પ્રસિદ્ધિ હોવાથી અહીં રોજના હજારો યાત્રાળુઓની અવર જવર હોય છે.

આ ઉપરાંત અહીંથી ૧૮ કિ.મી દૂર ચાણસ્મા તીર્થ અને ૩૦ કી.મી.ના અંતરે અતિ પ્રાચીન **કંબોઈ,** તેમજ **ગાંભુ** તીર્થ પણ આવેલા છે.

**શ્રી પદ્માવતી માતા-ખેતરપાળનો પાડો**

શ્રી પાર્શ્વનાથ ભગવાન અને પદ્માવતીમાતાજી મૂર્તિઓ સદીઓ પહેલાં મોગલ બાદશાહોના આક્રમણોથી બચાવી લેવાઈ હતી તે મૂર્તિ અહીં બિરાજમાન છે તેવી લોકમાન્યતા પ્રવર્તે છે. આ પ્રતિમાજી ખૂબજ ચમત્કારિક મનાય છે. માતાજીનો ઓચ્છવ દર વર્ષે ભાદરવા મહિનામાં ખૂબજ ધામધૂમ પૂર્વક ઉજવાય છે. હજારો શ્રદ્ધાળુઓ માતાજીના દિવ્ય દર્શનનો લાભ લે છે.

**...વંદનાર્થી...**
**શ્રી ભદ્રકુમાર મણીલાલ શાહ**
**ટ્રસ્ટી-શ્રી પાટણ જૈન મંડળ**

|| શ્રી પંચાસરા પાર્શ્વનાથાય નમઃ ||

# પાટણ ગૌરવ ગાથા

## જૈન જાગૃતિ સેન્ટર, પાટણ

ત્રણ દરવાજા પાસે, પિન. ૩૮૪૨૬૫ (ઉ. ગુજરાત)

**સમગ્ર ભારતના યાત્રાળુઓને આવકારે છે.**




**નવા મકાનના પ્રેરણાર્થી**
**બાબુ અમીચંદ પનાલાલ આદીશ્વરજી જૈન ટેમ્પલ ચેરીટેબલ ટ્રસ્ટ,**
**વાલકેશ્વર, મુંબઈ**

# જૈન જાગૃતિ સેન્ટર, પાટણ

ત્રણ દરવાજા પાસે, પાટણ. (ઉ.ગુ.)

મો : ૯૫૧૨૫૩૭૭૬૮/૦૨૭૬૬ ૨૨૪૭૨૧

Email : jjctourismpatan@gmail.com


## યાત્રાળુઓ માટે વિવિધ સેવાઓ

* રહેવાની આધુનિક વ્યવસ્થા માટે બુકીંગ
* અમૂલ્ય સમય બચાવવા ગાઈડની વ્યવસ્થા
* નજીકની પંચતિર્થી માટે રેલ્વે-બસ તથા વાહન વ્યવસ્થાનું બુકીંગ

**Plan-A 1day, Plan-B 2days, Plan-C 3days**







## અતિથિ ગૃહો

- કનાસા કલ્યાણ કેન્દ્ર
  4 આધુનિક A/C રુમ
- શીતલ શાંતિ ભવન
  3 આધુનિક રુમ
- પી. કે. અતિથિગૃહ
  19 (A/C + Non A/C) રુમ
- પંચાસરાજી યાત્રિક ભવન
  20 A/C + 25 Non A/C રુમ
- કોટાવાળા જૈન ભોજનશાળા

ઐતિહાસિક નગરીની સહેલગાહે, તીર્થ નગરીના દર્શનાર્થે
તમે એક વાર પાટણ આવજો રે...

'દુનિયાના નકશામાં પાટણ'
**સ્વપ્નદૃષ્ટા**
**શ્રી મહેન્દ્રભાઈ પોપટલાલ શાહ**
સાધના ગ્રુપ ઑફ કંપની



## પાટણ એક તીર્થ...

ભારતીય સંસ્કૃતિ તીર્થોના પાવનીય પ્રભાવથી પુલકિત છે. સ્થાવર તીર્થોની લહેરાતી ધ્વજા-પતાકાઓથી ભૂષિત ગુજરાતની ધન્યધરા પર શત્રુંજય, ગીરનાર, તારંગાજી, આબુ, પાનસર, શેરીશા જેવા નયનરમ્ય તીર્થોની હારમાળામાં પાટણ તીર્થ પણ આભૂષણ રૂપે શોભી રહ્યું છે.પાટણની યાત્રા સકળ તીર્થની યાત્રા છે.

ઉત્તર ગુજરાતમાં સરસ્વતી નદીના કાંઠે સં.૮૦૨માં સ્થપાયેલ ૧૨૭૦ વર્ષ પ્રાચીન આ શહેર સાડા પાચ સૈકા સુધી ગુજરાતનું પાટનગર રહ્યું છે. આ નગર, કુમારપાળ મહારાજાની જન્મભૂમિ અને કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યજીની કર્મભૂમિ છે. આ બન્ને નરવીરોના રાજ્યકાળમાં અને વસ્તુપાળ-તેજપાળ જેવા મંત્રિઓના શાશનમાં જૈનધર્મના પ્રભાવ હેઠળ સર્જાયેલા મંદિરાવલીથી શોભતા અને અહિંસાનો ઉપદેશ આપતી જિનપ્રતિમાઓથી ઓપતા પાટણતીર્થમાં ૧૦૦ થી પણ વધુ શિખરબંધી, ઘુમ્મટબંધી જીનાલયો જૈન ધર્મની યશોગાથા ગાતા દિપી રહ્યા છે.

આ ભવ્ય જિનાલયો કે જેમાં, હીરા, પન્ના, સ્ફટીક, સુવર્ણ, રોપ્ય અને ધાતુની અહ્‌લાદક પ્રાચીન પ્રતિમાજીઓ બિરાજમાન છે. સંપ્રતીમહારાજા દ્વારા ભરાયેલી કેટલીક પ્રતિમાજીઓ કે, જેના દર્શન માત્રથી મન ભાવુક બની જાય છે.

બેનમૂન કાષ્ટકારીગીરી, ગુંબજો સ્થંભાવલીઓ અને શિખરોની અદભૂત શિલ્પકળા યુકત આ જિનાલયો, જ્ઞાન ઉપાસના માટે અદભૂત જ્ઞાનભંડારો, પુસ્તકાલયો, જીવદયાના પ્રતિક સમી પાટણ પાંજરાપોળ, જીલ્લે જીલ્લે ઉપાશ્રયો, પાઠશાળા, ધર્મશાળા, અતિથીગૃહો, ભોજનશાળા જેવા અનેક ધર્માયતનોથી યુક્ત આ તીર્થના સ્પર્શ માત્રથી જીવનમાં સમતા, જન્માન્તરમાં સદ્‌ગતિ અને સિદ્ધગતિની પ્રાપ્તિ થાય છે.

આવો યાત્રાળુઓ, આ તીર્થના દર્શન કરી ધન્ય બનો !

**શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ**
પ્રમુખ-શ્રી પાટણ જૈન મંડળ
ચેરમેન-પાટણ કો. ઓપ.બેંક લિ.

## દર્શનીય મુખ્ય જિનાલયો



### શ્રી પંચાસરા પાર્શ્વનાથ બાવન જિનાલય

પાટણના સ્થાપક વનરાજ ચાવડાએ ૧૨૦૦ વર્ષ પૂર્વે આ જિનાલય બનાવેલ, બાવન જિનાલયના શિખરો ઉપર શોભતા કળશો અને ધ્વજદંડો ઉપર ફરકતી ધજાઓ ભાવુકોને આવકાર આપે છે.

### શ્રી જોગીવાડા શામળા પાર્શ્વનાથ જિનાલય



અહીં શ્રી શામળા પાર્શ્વનાથ ભગવાનનું અતિ પ્રાચીન જિનાલય છે. પ્રભુની પ્રતિમા અલૌકિક અને ચમત્કારિક મનાય છે. પાટણ શ્રીસંઘ નવા વર્ષના શુભ દિવસે દર્શન પછી જ નવા વર્ષની કાર્યવાહી કરે છે.



### શ્રી શાંતિનાથ જિનાલય-કનાસાનો પાડો

દેવવિમાન સમું શ્રી શાંતિનાથ ભગવાનનું ૨૨૫ વર્ષ પ્રાચીન ઘુમ્મટબંધી ભવ્ય જિનાલય. ફાગણ સુદ-૩ ની સાલગિરિમાં ગુલાલથી વધાવવામાં આવે છે.

**આંબલીની શેરી :** કાચનું દેરાસર, સ્ફટીકની પ્રતિમા તથા કાષ્ટ કારીગરીનો નયનરમ્ય પટ્ટ દર્શનીય છે.

### શ્રી મહાવીરસ્વામી જિનાલય-ઢંઢેરવાડો



કસોટીના પથ્થરની શ્રી શામળાપાર્શ્વનાથજીની પ્રતિમા જુદા જુદા રૂપોમાં જોવા મળે છે. મહાવીરસ્વામીજીની પ્રતિમા, જીવિત મહાવીર સ્વામીથી મશહૂર છે.



### શ્રી આદીશ્વરજી જિનાલય-કુંભારીયાપાડો

કલાની દ્રષ્ટિએ પાટણ આવનાર યાત્રાળુએ અચૂક જોવાલાયક જિનાલય છે. અદ્‌ભુત કાષ્ટ કારીગરીમાં નેમ-રાજુલના પ્રસંગો અને કલામય મંડપો દર્શનીય છે. જેનું રંગકામ દુનિયામાં બીજી કોઈ જગ્યાએ જોવા નહીં મળે.

### અન્ય દર્શનીય જિનાલયો

| | |
|---|---|
| શ્રી ભાભાપાર્શ્વનાથ જિનાલય-ભાભાનોપાડો | - સુવર્ણ-રોપ્ય દર્શનીય પટ્ટ |
| શ્રી આદીશ્વરજી જિનાલય-ખડાખોટડીનો પાડો | - પલાઠીમાં ૨૫ કિલો ચોખા |
| શ્રી શાંતિનાથ જિનાલય-સિદ્ધચક્રની પોળ | - દર્શનીય જિનાલય |
| શ્રી સહસ્ત્રકૂટ જિનાલય-મણીયાતીપાડો | - ૧૦૨૪ જિનપ્રતિમાજીઓ |
| શ્રી આદીશ્વરજી જિનાલય-કપુરમહેતાનોપાડો | - કાષ્ટકારીગરી માટે |

અન્ય ૯૦ પ્રાચીન જિનાલયો દર્શનીય છે.

**...વંદનાર્થી...**
**શ્રી પંચાસરા પાર્શ્વનાથ દેરાસર ટ્રસ્ટ**
ટ્રસ્ટીઓ

# ઐતિહાસિક નગરી પાટણ



પાટણના સ્થાપક
વનરાજ ચાવડા

ગુજરાતમાં સંસ્કૃતિ અને સંસ્કારનુ મુખ્ય કેન્દ્ર ગણાતા વલ્લભીપુર અને ભીનમાલના પતન બાદ ચાવડા વંશના પરાક્રમી રાજા વનરાજે સંવત ૮૦૨માં સરસ્વતી નદીના તટે આજથી ૧૨૭૦ વર્ષ પૂર્વે અણહિલપુર પાટણ વસાવ્યુ.

સ્થાપના બાદ ૧૯૬ વર્ષ ચાવડાવંશે રાજ કર્યું. ત્યારબાદ સોલંકી વંશનું સામ્રાજ્ય આવ્યું. સિદ્ધરાજના સમયમાં પાટણનો સર્વાંગી વિકાસ થયો. તે સમયમાં કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યજીના રેલાતા વિદ્યા પ્રવાહથી પાટણ વિદ્યા ક્ષેત્રે નંદનવન બન્યું. સિદ્ધરાજ બાદ આવેલા કુમારપાળ મહારાજાના સમયમાં પાટણની સમૃદ્ધિ ટોચ પર પહોંચી. અહિંસા ધર્મ વ્યાપક બન્યો.



આ સમયમાં વિશ્વ વિખ્યાત સ્થાપત્યો બંધાયા, અદ્વિતીય સાહિત્યનું સર્જન થયુ. આ ભૂમિએ ભાલણ જેવા કવિઓ, મુંઝાલ મહેતા જેવા મુત્સદીઓ અને હેમચંદ્રાચાર્ય જેવા કલિકાલ સર્વજ્ઞ તેમજ વિમળશા જેવા મહામંત્રીઓ સર્જયા છે. તેથી જ તો તે કાળ સુવર્ણયુગ કહેવાયો.

પાટણ લગભગ ૫૫૦ વર્ષ સુધી ગુજરાતનું પાટનગર રહ્યું હતુ. આ નગરે માત્ર ગુજરાતને જ નહીં સમગ્ર પશ્ચિમ તેમજ દક્ષિણ ભારતને સુસંસ્કૃત બનાવવામાં નોંધનીય ફાળો આપ્યો છે.

સંવત ૧૩૧૪ની આસપાસ નવું પાટણ વસ્યુ જેમાં મોગલ બાદશાઓએ રાજ્ય કર્યું. મોગલ સામ્રાજ્યના પતન બાદ ગાયકવાડી સરકાર આવી ત્યારે પણ પાટણ તેનું મુખ્ય મથક હતુ. ત્યારબાદ રાજા-રજવાડાઓ શરણે થતા ૧૯૬૦માં ગુજરાત રાજ્ય બન્યું, આજે પાટણ તેનું મહત્વનું નગર છે.

...વંદનાર્થી...
શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહ
ટ્રસ્ટી- પાટણ જનતા હૉસ્પીટલ

# જોવા લાયક સ્થળો



## વર્લ્ડ હેરીટેજ રાણકી વાવ






"ગુજરાતના પ્રાચિન ઈતિહાસનુ નઝરાણું એટલે અણહિલપુર પાટણની રાણકીવાવ" સોલંકી વંશના રાજા ભીમદેવ (૧) પહેલાની પત્ની રાણી ઉદયમતીએ પોતાના પતિની સ્મૃતિમાં આજથી ૯૫૦ વર્ષ પૂર્વે બંધાવી હતી. કાળક્રમે આ વાવ જમીનમાં દટાઈ જતા કુલ સાત ખંડમાંથી હાલમાં પાંચ ખંડ દેખાય છે.

રાણીની વાવ દુનિયાભરમા બેનમૂન ગણાય છે. આ વાવમાં હજારોની સંખ્યામા શિલ્પ સ્થાપત્યના નમૂનાઓ છે. ભગવાન વિષ્ણુની મૂર્તિઓ, રામાયણ, મહાભારતના પ્રસગો, ગણપતિ, લક્ષ્મીનારાયણ, શિવ-પાર્વતી, સૂર્યદેવ-અગ્નિદેવ જેવી મૂર્તિઓ કળાના ઉત્તમ નમૂનાઓ છે.

કોઈપણ રસજ્ઞી મુલાકાતી આ વાવ જોઈને પ્રેમમાં પડી જાય એવું જીવંત કોતરકામ અહીં પડેલુ છે. ગમે તેટલા વર્ણનો કરીએ પણ તેને નજરે નિહાળવું એ એક લ્હાવો છે.





ભારત સરકારે આ વાવને વર્લ્ટ હેરીટેઝમાં મુક્તા દર વર્ષે દોઢ લાખ થી પણ વધુ ટુરીસ્ટો અહીંની મુલાકાત લે છે.

...વંદનાર્થી...
એસ.કે. ગ્રુપ
સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ, બગવાડા દરવાજા

# વિશ્વ વિખ્યાત પાટણના પટોળા



"છેલાજી રે, મારે હાટુ પાટણથી પટોળા મોંઘા લાવજો રે"
"પડી પટોળે ભાત, ફાટે પણ ફીટે નહી"

અનેક લોકગીતો અને કહેવતોમાં વણાઈ ગયેલું પટોળું પાટણની પહેચાન છે. વિશ્વની હસ્ત કારીગિરીનો બેનમૂન નમુનો અને રેશમના તાણા-વાણામાંથી હાથ વણાટથી તૈયાર કરાયેલું કાપડ એટલે પટોળું.

રાજા કુમારપાળ જૈનધર્મી હતા તેઓને પૂજા સમયે પહેરવા રોજ એક નવું રેશમનું પટોળુ જોઈતુ હતું. આ માટે રાજાએ પટોળા બનાવનાર ૭૦૦ સાલવી કુટુંબોને જાલના નગરથી લાવી પાટણમાં વસાવ્યા. આ રીતે પટોળાની હસ્ત કારીગિરી ૮૦૦ વર્ષ પ્રાચીન છે.

પાટણની આ કળા કારીગિરીને ૭ રાષ્ટ્રીય પુરસ્કાર પ્રાપ્ત થયા છે, જે ગૌરવની વાત છે. ૯૦૦ વર્ષથી ચાલી આવતી આ હસ્ત કારીગિરીમાં આજે જૂજ કારીગરો બચ્યા છે. પટોળાની ગણતરી આજે કાપડમાં નહીં પણ અલંકારોમાં થાય છે.

પાટણનો પટોળુ એટલે ભારતીય સાડીનુ માઉન્ટ એવરેસ્ટ.





શ્રીમતી લતાબેન ભરતભાઈ
કાંતિલાલ નાનાલાલ શાહ
મિહીર વિઝન, કનાસાનો પાડો

# હેમચંદ્રાચાર્યજી જૈન જ્ઞાન મંદિર



'ગામ ત્યાં ગ્રંથાલય'ની ભાવના જૈન સમાજે સદીઓ પૂર્વે આરંભેલી. અહીંના વિદ્યાપ્રેમી રાજા-મહારાજાઓ તથા વિદ્યાધરોએ પોતાના ગ્રંથભંડારો વસાવ્યા હતાં. પાટણમાં કુલ ૨૦ જેટલા જ્ઞાનભંડારો વિદ્યમાન હતા. અનેક જ્ઞાની સાધુભગવંતોની અથાગ મહેનતથી આ જ્ઞાનભંડારોનું એકત્રીકરણ કરી સને.૧૯૩૯માં શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિરની સ્થાપના કરાઈ.

અહીં સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી, હિન્દી ભાષાની વિવિધ લિપિઓમાં લખાયેલ તાડપત્ર, કાગળ અને કાપડની અંદાજે ૨૪૦૦૦થી પણ વધુ હસ્તપ્રતો વિદ્યમાન છે. ધર્મ દર્શન, કાવ્ય, નાટક, કથા, સાહિત્ય, અલંકાર, શાસ્ત્ર જ્યોતિષ, શિલ્પ જેવા વિષયોનું જૈનધર્મ સાહિત્ય ઉપરાંત હિંદુ અને બૌધ્ધ સાહિત્ય પણ અહી સચવાયેલું છે.



શ્રી હેમચંદ્રાચાર્યજી


સંખ્યાબંધ સચિત્ર હસ્તપ્રતો પૈકી કલ્પસૂત્ર, આચારંગ સૂત્ર, સિદ્ધહેમ શબ્દાનુશાશન જેવા જૈન ચિત્રકળાના ઉત્તમ નમુના છે. જે પૈકીની કેટલીક હસ્તપ્રતો સુવર્ણ અને રજતાક્ષરી છે.

શ્રી હેમચંદ્રાચાર્યજી -રચિત **સિધ્ધહેમ** વ્યાકરણને હાથીની અંબાડીમાં બિરાજીત કરીને નગરમાં બહુમાન કરવામાં આવ્યુ હતું.

પાટણ જૈન સમાજની આ એક અણમોલ સાંસ્કૃતિક વિરાસત છે.



...વંદનાર્થી...
શ્રી જે. કે. શાહ
ટ્રસ્ટી- શ્રી હેમચંદ્રાચાર્યજી જૈન જ્ઞાનમંદિર




# શ્રી પાટણ પાંજરાપોળ

અઢાર દેશોમાં 'અમારિ' પ્રવર્તન કરાવનાર અહિંસા પ્રખરી મહારાજા કુમારપાળ થઈ ગયા તે, પાટણની પવિત્ર ગરિમાને ઉજ્જવળ કરતી જીવદયાના જ્વલંત ઉદાહરણ સમી શ્રી પાટણ પાંજરાપોળ આજે લગભગ છેલ્લા ૧૬૦ વર્ષથી નિર્દોષ અને અબોલ પશુઓને કતલખાને જતા અટકાવી અભયદાન આપી રહી છે.



જીવદયા પ્રતિપાલક
મહારાજા કુમારપાળ

પાટણ ખાતે ૪૬ વિઘાના વિશાળ પરિસરમાં આવેલી શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ-ખલીપુર પાંજરાપોળમાં લગભગ ૩૦૦૦ જેટલાં વૃધ્ધ અશક્ત અને માંદા પશુઓને આશ્રય આપવામાં આવે છે. પશું માટે નિયમીત નવકાર મંત્રનું સ્મરણ, ઉત્તમ ઘાસચારો, પાણી વ્યવસ્થા તેમજ સફાઈ યુક્ત અનેક શેડમાં આ પશુઓની વિશિષ્ટ સંભાળ લેવામાં આવે છે.

અનેક પાંજરાપોળોના નિરિક્ષણ બાદ આ પાંજરાપોળને અદ્યતન બનાવવા તેમજ પશુઓને આધુનિક સુવિધાઓ મળે તે માટે ટ્રસ્ટીઓએ જે જહેમત લીધી છે તે ઉલ્લેખનીય છે. આજે ગુજરાતની શ્રેષ્ઠ પાંજરાપોળોની હરોળમાં આની ગણના થાય છે. જીવદયા પ્રેમીઓ માટે આ એક દર્શનિય સ્થળ છે.

...વંદનાર્થી...
શ્રી નીરંજનભાઈ અમૃતલાલ શાહ
ટ્રસ્ટી- શ્રી પાટણ પાંજરાપોળ

# આધુનિક પાટણ શહેર

## હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી



પ્રાચીન સમયમાં પાટણ વિદ્યાધામ કહેવાતુ હતુ, આ શિક્ષણ-સંસ્કાર વારસો આજે પણ પાટણે જાળવી રાખ્યો છે. શિક્ષણની અનેક વિદ્યા શાખાઓના જ્ઞાન ઉપાર્જન માટેની વ્યવસ્થા સાથે સમગ્ર ઉત્તર ગુજરાતની અંદાજે ૨૦૦ થી પણ વધુ ઉચ્ચ શિક્ષણ આપતી વિવિધ કોલેજોની પ્રવૃત્તિઓનું સંચાલન આ યુનિવર્સિટી દ્વારા થઈ રહ્યું છે.

**નોર્થ ગુજરાત એજ્યુકેશનલ સો. કેમ્પસ**

સૌજન્ય : શ્રી જિગ્નેશભાઈ અરવિંદભાઈ જીવાભાઈ શાહ



## કનાસા કલ્યાણ કેન્દ્ર

આજથી લગભગ ૧૨ વર્ષ પહેલા આ સંસ્થાની સ્થાપના કરાઈ હતી. પાટણની મશહુર ચીજ-વસ્તુઓ જેવીકે ખાખરા, પાપડ, વડી, મિઠાઈઓ, મુખવાસ તેમજ મશરૂના કપડામાંથી બનાવેલી ચીજોનું ગૃહઉદ્યોગના રૂપમાં ઉત્પાદન કરવા સાથે આ સંસ્થા પાટણ સમાજને સારી ચીજ વસ્તુઓની ઉપલબ્ધિ તેમજ જરૂરીયાતમંદોને આર્થિક રોજગારી આપે છે.

સૌજન્ય : કનાસા કલ્યાણ કેન્દ્રના કાર્યકર્તા

## 'દિશા' દિવ્યાંગ કેન્દ્ર



ગૌરવશાળી દાનવીર શેઠ શ્રી જેશંગલાલ ઝવેરચંદ ગુમાનચંદની વાડીની જગ્યામાં આવેલ 'દિશા' સંસ્થા, પાટણમાં વસવાટ કરતાં ૨૫ થી પણ વધુ અપંગ બાળકોને શિક્ષણ અને હુન્નરની તાલિમ આપે છે. આ ઉપરાંત તેઓને સંગીત તથા રમતગમત વિગેરેની તાલિમ પણ અપાય છે.

આ સત્કાર્ય દ્વારા સંસ્થા તેઓના મુશ્કેલ જીવનમાં ઉત્સાહ અને ઉમંગ પ્રેરે છે.

સંચાલકો
તૃપ્તિબેન, હીનાબેન, પ્રેમિલાબેન
મોભી શ્રી જે.કે. શાહ